Tuesday
10.11.2026
✳Volume :11 ✳ Issue No.129
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તર સ્થિત કરણપુર ખાતેના કોબ્રા (CoBRA) ઓપરેશન્સ બેઝ પર સુરક્ષા દળો સાથે દિવાળીની ઉજવણી કરી

આ પહેલી એવી દિવાળી છે જ્યારે દેશનો પ્રત્યેક જિલ્લો નક્સલવાદથી મુક્ત છેઃ પ્રધાનમંત્રી









સેવાભાવથી પ્રેરિત થઈને, અમે નક્સલ-પ્રભાવિત વિસ્તારોમાં જીવન બદલી નાખ્યું છે; પરિણામે, નક્સલવાદથી પીડિત લોકો પણ સરકાર અને સુરક્ષા દળોની સાથે મક્કમતાથી ઊભા રહ્યા છેઃ પ્રધાનમંત્રી

૪૭ વર્ષમાં પહેલીવાર, પાછલા એક વર્ષમાં ડ્યુટી દરમિયાન એક પણ સીઆરપીએફ (CRPF) જવાને પોતાનો જીવ ગુમાવવો પડ્યો નથી; આ રાષ્ટ્રની સાચી નીતિઓ અને મક્કમ સંકલ્પની જીત છેઃ પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સુરક્ષા દળો સાથે દિવાળી ઉજવવા માટે છત્તીસગઢના બસ્તર સ્થિત કરણપુર ખાતેના કોબ્રા (CoBRA) ઓપરેશન્સ બેઝની મુલાકાત લીધી હતી, જે બસ્તર અને અબુઝમાડમાં નક્સલ વિરોધી કામગીરી માટે ટ્રેનિંગ બેઝ અને લોચ પોસ્ટ તરીકે કાર્યરત હતો. દેશ અને દુનિયાભરમાં કરોડો ભારતીયો પોતાના પ્રિયજનો સાથે પ્રકાશના પવિત્ર તહેવારની ઝિવણી કરી રહ્યા છે ત્યારે સમયે આ અવસરે જવાનોને સંબોધતા, પ્રધાનમંત્રીએ હિમાલયના ઘરગિલ અને લેપ્ચાથી લઈને વરિયાકિનારે આવેલા સરક્રીક સુધી અને સમુદ્રમાં આઈએનએસ વિક્રાંત (INS Vikrant) પર વીર સૈનિકો સાથેની પોતાની યાદગાર દિવાળી ઉજવણીઓને યાદ કરી હતી. "સરહદો પર અને દેશની અંદર, દેશનું રક્ષણ કરનારા રાષ્ટ્રના પહેરેદારો, માં ભારતીના આ બહાદુર પુત્રો, આપ સૌ મારા પોતાના લોકો છો. આપ સૌ મારા પરિવારનો એક હિસ્સો છો," શ્રી મોદીએ નોંધ્યું હતું. ૨૦૨૬ ની આ દિવાળીને ખરેખર વિશેષ વર્ણવતા કારણ કે આ ભારતે માઓવાદી આતંકવાદમાંની તેની છાયાઓની જૂની લડાઈ જીતી લીધા પછી, દરેક જિલ્લાને નક્સલમુક્ત બનાવ્યા પછીની અને કરોડો નાગરિકોને ભય પર વિજય મેળવવા માટેસ્વક્ષમ કર્યા પછી પ્રકાશનો પ્રથમ તહેવાર છે. પ્રધાનમંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ આ અસાધારણ સિદ્ધિની ઉજવણી તે લાખો સુરક્ષા કર્મચારીઓ સાથે કરવા આવ્યા છે જેમણે આ શક્ય બનાવ્યું અને ૧૪૦ કરોડ નાગરિકોની કૃતજ્ઞતા વ્યક્ત કરવા આવ્યા છે. "આજે હું તમારા બલિદાન, સમર્પણ અને સેવાભાવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા આવ્યો છું," પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. પ્રાચીન સંસ્કૃત જ્ઞાન 'આ ભ્યંતરમ્ ભયમ્ રક્ષ્યમ્, બાહ્યતો ભયમ્' ને ટાંકીને સમજાવતા કે બહારના દુશ્મનો એવા રાષ્ટ્રને નુકસાન પહોંચાડી શકતા નથી જેની આંતરિક સુરક્ષા મજબૂત હોય પરંતુ આંતરિક સુરક્ષા નબળી પડે ત્યારે તેઓ પોતાના માથા ઊંચા કરે છે. પ્રધાનમંત્રીએ સુરક્ષા દળોની આંતરિક ભૂમિકા ને સરહદે પરની સશસ્ત્ર સેનાઓ સમાન ગણાવી હતી અને સીઆરપીએફ (CRPF), કોબ્રા (CoBRA), બીએસએફ (BSF), આઈટીબીપી (ITBP), એસએસબી (SSB), આઈએઆરબી (IRB), રાજ્યોના પોલીસ દળો, બસ્તર ફાઇટર્સ કમાન્ડો અને મહિલા લડવૈયાઓના અસીમ બલિદાનોની પ્રશંસા કરી હતી, સાથે જ રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરતા સૈનિકોને તહેવારની શુભકામનાઓ પાઠવી હતી. "આ દેશ તમારી સેવાઓ માટે આપનો છે, અને કરોડો દેશવાસીઓને તમારા પર ગૌરવ છે," શ્રી મોદીએ પુષ્ટિ કરી હતી. બિહાર, મહારાષ્ટ્ર, ઓડિશા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ સહિતના લગભગ ૨૦ રાજ્યોના ૨૩૦ થી વધુ જિલ્લાઓમાં ડાબેરી ઉગ્રવાદના કાળો દાયકો ફેલાયેલો હતો તે ભયાનક યુગને યાદ કરતા, જ્યાં સાંજના સમયે ભયના કરફ્યુનો માહોલ રહેતો હતો, મૃત આપવાના અધિકારો છીનવાઈ ગયા હતા, વાર્ષિક ૨,૦૦૦ જેટલા હુમલાઓ થતા હતા, એકલા છત્તીસગઢમાં જ ૧,૦૦૦ થી વધુ કર્મચારીઓએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. આઈઈડી (IED) વિસ્ફોટોમાં અસંખ્ય સૈનિકોએ પોતાના હાથ-પગ ગુમાવ્યા હતા, અને ૨૦૧૦ ના દાંતેવાડા હુમલામાં ૭૬ સીઆરપીએફ જવાનો અને ૪૪ નિર્દોષ નાગરિકો માર્યા ગયા હતા, પ્રધાનમંત્રીએ ચીંધ્યું હતું કે ૨૦૦૪ અને ૨૦૧૩ ની વચ્ચે માઓવાદીઓના ખાત્મા કરતા દર વર્ષે વધુ સુરક્ષા કર્મચારીઓ શહીદ થતા હતા, જેણે માઓવાદી નેતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. એ વાત પર ભાર મૂકતા કે કોઈ પણ રાષ્ટ્ર તેના દુશ્મનો પ્રત્યે નિષ્ક્રિય વલણ સાથે પ્રગતિ કરી શકે નહીં અને તેના બદલે ઊંચા મનોબળ સાથે વ્યૂહાત્મક રીતે તેમને ક્વાડો નાખવા જોઈએ, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ પછી, સુરક્ષા દળોમાં વધુ કેન્દ્રીયકૃત અલગતાવાદ અને આતંકવાદ સામેની લડાઈ જ નથી જીતી, પરંતુ દેશે ગરીબી સામે પણ એક મોટી જંગ જીતી લીધી છે." શ્રી મોદીએ ભારપૂર્વક કહ્યું હતું. દીપાવલીના બિલકુલ પહેલાં જાહેર કરાયેલા ચર્ચિત વર્લ્ડ બેંકના રિપોર્ટ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે પાછલા ૧૨ વર્ષોમાં ૫૦ કરોડ ભારતીયો અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યા છે. પાછલા ૧૨ વર્ષોમાં ભારતની કલ્યાણકારી સંરચનાની સરખામણી દિવાળીની રંગોળી સાથે કરતા, જ્યાં નાની, અલગ-અલગ રેખાઓ એકત્ર થઈને એક ભવ્ય ચિત્ર બનાવે છે, પ્રધાનમંત્રીએ વિગતવાર વર્ણન કર્યું હતું કે કેવી રીતે જન ધન બેંકિંગ, પીએમ આવાસ પાકાં મકાનો, વ્યાજમુક્ત મુદ્રા લોન, લારી-ગલ્લાવાળાઓ માટે સ્વાનિધિ સુપોર્ટ, આયુષ્માન ભારત સ્વાસ્થ્ય સેવા, મફત માસિક અનાજ, બાળ શિક્ષણ નીતિઓ, સ્વચ્છ ભારત અને હર ઘર જલ યોજનાઓએ સામુહિક પ્રગતિની નવી ઊંચાઈઓ પર પહોંચે છે અને રાષ્ટ્રીય પ્રગતિમાં ગરીબ અને વંચિતોની ભાગીદારી વધે છે. પ્રધાનમંત્રીએ પાછલા બાર વર્ષોમાં રાષ્ટ્ર દ્વારા હાસલ કરવામાં આવેલી બેવડી જીત તરફ ઈશારો કર્યો હતો. "પાછલા ૧૨ વર્ષોમાં, દેશે માત્ર નક્સલવાદ અને અલગતાવાદ સામેની લડાઈ જ નથી જીતી, પરંતુ દેશે ગરીબી સામે પણ એક મોટી જંગ જીતી લીધી છે,"

તંત્રી સ્થાનેથી.....

વડોદરામાં ૨૦૧૭થી કાર્યરત કામધેનુ સેવા સંવર્ધન ટ્રસ્ટ ગૌસેવા સાથે સમાજ કલ્યાણ અને ભારતીય સંસ્કૃતિના જતનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે. વડોદરાના દંપતિ શ્રુતિ સિંહ અને મનોજસિંહના માર્ગદર્શન હેઠળ આ ગૌશાળા સતત અવનવી પહેલો કરતી રહી છે જેનાથી ગૌમાતાની સેવા પણ થાય અને માનવ સમાજને સ્વાસ્થ્યવર્ધક લાભ પણ મળી શકે. આ દંપતિ દ્વારા નવીન પ્રયાસોના ભાગ રૂપ શાસ્ત્રોક્ત વિધિઓ અનુસાર થી જેમને તેઓ 'ભાદવાં ઔષધિય રસાયણ' નામ આપ્યું છે. તેને ગૌશાળાની ગાયોના દુધ દ્વારા વિશેષ વિધિ મુજબ તૈયાર કરે છે. જેને ખાસ મઘા નક્ષત્રના વરસાદી પાણીથી લઈને શરદ પૂનમની ચાંદની સુધીના આશરે દોઢ મહિનાના લાંબા અને ઝીણવટભર્યા પ્રોસેસ પછી આ ખાસ ઘી-રૂપી રસાયણ તૈયાર કરવામાં આવે છે. શ્રીમતી શ્રુતિ સિંહએ આ 'ભાદવાં ઔષધિય રસાયણ' વિશે જણાવ્યું કે, શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ, મઘાનું પાણી, રોહિણીનો તાપ અને ભાદરવાનું ઘી વર્ષમાં માત્ર એક જ વાર પ્રાપ્ત થાય છે, જે માનવ શરીરના પિત્ત દોષનો નાશ કરી સમગ્ર વર્ષ દરમિયાન સ્વાસ્થ્યને ઉત્તમ રાખવામાં રામબાણ સાબિત થાય છે. લોકોમાં આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને આયુર્વેદિક જ્ઞાનને પુનઃજીવિત કરવાના ઉદ્દેશ્ય અને ગાયોના સંવર્ધન અને રક્ષાની સાથે-સાથે સમાજના દરેક વ્યક્તિ સુધી સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓ પહોંચાડવા તેઓની સંસ્થા દ્વારા આ ઘી તૈયાર કરવામાં આવ્યું છે. 'સારો સમાજ અને સ્વસ્થ ભારત'ના નિર્માણના સંકલ્પ સાથે કામધેનુ ગૌશાળા આજે ગૌમાતા અને માનવજાત વચ્ચે એકઅતૂટ સેતુ બનીને ઉભી છે. ત્રણ તરછોડાયેલી ગાયોને આશ્રય આપવા અને તેને કતલખાને જતી બચાવવાના ઉદ્દેશથી શરૂ કરેલી તેઓની યાત્રા આજે ૫૨ ગાયો સુધી પહોચી છે. આ ગૌશાળામા દુધ ન આપતી પાખળી ગાયો પણ છે. આ સાથે એવી ગાયો જેના માલીકે તરછોડી દીધી હોય, નંદીમહારાજ અને એવી ગાયો કે નંદી જેને કતલખાનેથી બચાવી હોય તેઓને કામધેનુ ગૌ સેવા ટ્રસ્ટ ખાતે આશ્રય આપવામાં આવે છે. આ ગાયોના લાલન પાલન માટે શ્રુતિ દવે અને મનોજ સિંહ ગૌમુત્ર, ગોબરનુ મુલ્યવર્ધન, 'ભાદવાં ઔષધિય રસાયણ'-ઘી સહિત અવનવી વિજ વસ્તુઓનું ઉત્પાદનોનું વેચાણ કરી ગૌશાળાની આર્થીક જરૂરિયાતો પુરી કરવાનો પ્રયાસ કરે છે.

મધ્ય પ્રદેશના ઉજ્જૈન ખાતે લેબર કોડ્સ પર પ્રાદેશિક સ્તરનો ક્ષમતા-નિર્માણ અને જાગરૂકતા કાર્યક્રમ યોજાયો



કમલમ્,

લેબર કોડ્સ, શ્રમ કલ્યાણ અને સામાજિક સુરક્ષા અંગે જિલ્લા સ્તરનો ક્ષમતા-નિર્માણ અને જાગરૂકતા કાર્યક્રમ, "શ્રમ સંવાદ", ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નાગદા, ઉજ્જૈન, મધ્ય પ્રદેશ ખાતે શ્રમ અને રોજગાર મંત્રાલય (MoLE), ભારત સરકાર (GoI) અને શ્રમ વિભાગ, મધ્ય પ્રદેશ સરકાર દ્વારા મેસર્સ ગ્રેસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સહયોગથી, સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રોજગારદાતાઓ, HR, કાનૂની અને ફાઇનાન્સ વ્યાવસાયિકો વચ્ચે લેબર કોડ્સ અને તેના હેઠળ બનાવેલા નિયમો અંગે જાગરૂકતા વધારવાનો હતો. તે શ્રમ સુધારણા, કલ્યાણ અને સામાજિક સુરક્ષા અંગે જાગરૂકતા અને સંસ્થાકીય ક્ષમતાને મજબૂત કરવા, કેન્દ્ર-રાજ્ય સંકલન અને હિતધારકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના નિયામક શ્રી એસ.આર. દત્તાએ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી. મેસર્સ ગ્રેસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, નાગદાના વાઇસ પ્રેસિડેન્ટ સ્ક્વોડ્રન લીડર જી.પી. સિંહ (નિવૃત્ત) એ આ કાર્યક્રમની સહ-અધ્યક્ષતા કરી હતી. સહભાગીઓમાં શ્રમ અને રોજગાર મંત્રાલય, શ્રમ વિભાગ, મધ્ય પ્રદેશ સરકાર, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO), કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC), ચીફ લેબર કમિશનર (સેન્ટ્રલ) ચંડીગઢ (C)), ડાયરેક્ટોરેટ જનરલ લેબર વેલ્ફેર (DGLW) ના વરિષ્ઠ અધિકારીઓ તેમજ રોજગારદાતાઓ, ઉદ્યોગના પ્રતિનિધિઓ, કાનૂની, HR અને ફાઇનાન્સ વ્યાવસાયિકો સહિત ૧૫૦થી વધુ સહભાગીઓ સામેલ હતા. આ કાર્યક્રમમાં સહભાગીઓને લેબર કોડ્સ, સંબંધિત નિયમો અને અમલીકરણની જવાબદારીઓ અને ભારત સરકારની મુખ્ય સામાજિક સુરક્ષા પહેલો અંગે વ્યાવહારિક સમજ પૂરી પાડવા માટે રચાયેલ તકનીકી સત્રોની શ્રેણી સામેલ હતી. શ્રમ અને રોજગાર મંત્રાલયના અધિકારીઓ દ્વારા વિવિધ સત્રો યોજવામાં આવ્યા હતા, જે ચાર લેબર કોડ્સ અને લેબર કોડ્સ હેઠળ અધિસૂચિત સેન્ટ્રલ રૂલ્સ હેઠળ રોજગારદાતાઓ માટેની મુખ્ય પાલન જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સત્રોએ વૈધાનિક જવાબદારીઓ અને પાલનની મંજૂરીઓ પર વ્યવહારિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જેનાથી સહભાગીઓ લેબર કોડ્સના અપેરેશનલ પાસાઓને વધુ સારી રીતે સમજી શકે. EPFO અને DGLW ના પ્રતિનિધિઓએ અનુક્રમે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PMVBRY) અને પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન (PM-SYM) યોજના પર પણ સત્રોનું નેતૃત્વ કર્યું હતું. રોજગારદાતાઓ અને અનુપાલન વ્યાવસાયિકોને લેબર કોડ્સ અને નિયમોના અસરકારક અમલીકરણમાં સુવિધા આપવા માટે, શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા વિકસાવવામાં આવેલ 'હેલ્પબુક આફ્ટર કમ્પ્લાયન્સ ફોર એમ્પ્લોયર્સ' અને 'કમ્પાઈલેશન ઓફ ક્લીકન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન્સ' પણ સહભાગીઓ સાથે શેર કરવામાં આવ્યા હતા. એક આકર્ષક પ્રશ્ન અને ઉત્તર સત્ર પણ યોજવામાં આવ્યું હતું, જેનાથી સહભાગીઓ પોતાના પ્રશ્નોનું નિવારણ કરી શક્યા અને લેબર કોડ્સ, કમ્પ્લાયન્સ જરૂરિયાતો અને સામાજિકસુરક્ષા જોગવાઈઓ પર વધુ સ્પષ્ટતા મેળવી શક્યા. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના અધિકારીઓ અને ઉદ્યોગના પ્રતિનિધિઓને એકસાથે લાવીને, આ ઈવેન્ટ વધેલી જાગરૂકતા, સુધારેલી સમજણ અને મજબૂત હિતધારકોની ભાગીદારીમાં યોગદાન આપ્યું, જેથી લેબર કોડ્સના અસરકારક સ્વીકાર અને અમલીકરણનો રસ્તો મળ્યો.

'અટલ સ્વાન્ત: સુખાય યોજના' હેઠળ માટે હવે પ્રોજેક્ટની ઓનલાઈન નોંધણી ફરજિયાત

૧૫ નવેમ્બર સુધી પ્રોજેક્ટ assy.guja®a.gov.in પોર્ટલ નોંધણી કરાવવાની રહેશે



કમલમ્,ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના અધિકારીઓ અને કર્મચારીઓની સર્જનાત્મકતા, નવીન વિચારો અને લોકોપયોગી કામગીરીને પ્રોત્સાહન આપવાના હેતુથી અમલી બનાવાયેલી 'અટલ સ્વાન્ત: સુખાય યોજના' હેઠળ હવે પ્રોજેક્ટની નોંધણી અને નામાંકન માટે ઓનલાઈન પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. મુખ્યમંત્રીનાં સીધા નેતૃત્વ હેઠળ સામાન્યવહીવટ વિભાગ (GAD)એ તમામ વિભાગોના સચિવોને ચાલુ વર્ષ માટે ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં યોજનાના પોર્ટલ assy.gujarat.gov.in પર પ્રોજેક્ટની નોંધણી અને નામાંકન કરાવવા જણાવવા માં આવ્યું છે. ખાસ કરીને અગાઉ લેખિત રીતે નોંધણી કરાવી ચુકેલા અધિકારીઓ અને કર્મચારીઓએ પણ હવે સંબંધિત વેબસાઈટ પર ફરજિયાત ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. નોંધનીય છે કે ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતીની ઉજવણીના અવસરે સ્વાન્ત: સુખાય યોજનાના વ્યાપ વધારીને ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ 'અટલ સ્વાન્ત: સુખાય યોજના' અમલમાં મુકવામાં આવી હતી. ત્યાર બાદ ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ તેમાં સુધારા કરવામાં આવ્યા હતા. આ યોજના હેઠળ સરકારી ક્રમ ગીરીમાં નવીન પદ્ધતિ અપનાવી ઓછા સમયમાં વધુ સારાં પરિણામો લાવનારા અને નાગરિકોની સુખાકારીમાં વધારો કરનારા પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરવામાં આવે છે. યોજનામાં રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડાઓ તેમજ બોર્ડ-નિગમોના વર્ગ-૧થી વર્ગ-૪ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ભાગ લઈ શકે છે. તેઓ વ્યક્તિગત રીતે અથવા જૂથમાં પ્રોજેક્ટ હાથ ધરી શકે છે. ગ્રામ્ય, તાલુકા, જિલ્લા, રાજ્ય અને સચિવાલય કક્ષાએ પ્રોજેક્ટ રજૂ કરવાની વ્યવસ્થા છે.

બોર્ડ-નિગમો પણ પોતાની કામ ગીરીને અનુરૂપ યોજના અમલમાં મૂકી શકે છે. યોજનાની જોગવાઈ મુજબ દર વર્ષ ૩૧ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થયેલા પ્રોજેક્ટ જ પુરસ્કાર માટે પાત્ર ગણાશે. સામાન્ય વહીવટ વિભાગે તમામ વિભાગોને યોજનાનો વ્યાપક પ્રચાર કરવા, કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપવા અને વધુમાં વધુ અધિકારીઓ-કર્મચારી આ ઉત્સાહપૂર્વક ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવા જણાવ્યું છે. આ પહેલથી સરકારી કર્મચારીઓની નવીન કાર્ય પદ્ધતિઓ અને લોકહિતલક્ષી પ્રયાસોને પ્રોત્સાહન મળવાની સાથે વહીવટી કાર્યક્ષમતા અને જાહેર સેવાઓની ગુણવત્તામાં સુધારો લાવવાની તકમળશે.

દસક્રોઈના વડોદ ખાતે માટે પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ યોજાઈ



કમલમ્,

દસક્રોઈ તાલુકાના વડોદ ખાતે સ્વયં પ્રેરિત ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ યોજાઈ હતી, જેમાં વડોદ કલસ્ટરના ૧૨૫ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. વિરેન્દ્રભાઈ પરમાર, ડો. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પા. સં.), તેમજ આત્મા પ્રોજેક્ટના બી.ટી.એમ. શ્રી શશિકાંત ડાંડીયા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા આહ્વાન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિના સંયોજક શ્રીમતી અમૃતબેન ઉમેદસિંહ ઝાલા તેમજ સહ-સંયોજક શ્રી ઉદાજી ઝાલા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આણંદ જિલ્લાના વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગ આશ્રમ ખાતે આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી સાથે આત્મીય મુલાકાત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી સંજયભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ સહિત ધારાસભ્યશ્રીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધનતેરસે વલસાડ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે ધામધૂમથી ધન્વંતરી જ્યંતીની ઉજ્વણી કરાઈ

સમુદ્ર મંથન સમયે આસો વદ તેરસના દિવસે ભગવાન વિષ્ણુના અંશ અવતાર તરીકે ભગવાન ધન્વંતરી પ્રગટ થયા હતા: ડો. ઉર્વીબેન પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી



કમલમ્,વલસાડ

વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા અને સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે વલસાડના ગાયત્રી પરિવારના સહયોગથી વલસાડના તિથલ રોડ પર સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલ ધન્વંતરી જયંતી ઉજવણી કરવામાં આવી હતી. ધનતેરસના પાવન પર્વ નિમિત્તે ધન્વંતરી જયંતીની ઉજવણીના મહત્વ અંગે જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.ઉર્વી પટેલે ભગવાન ધન્વંતરીની ઉત્પત્તિ કથા નું સુંદર વર્ણન કરતા જણાવ્યું કે, પુરાણ કથા અનુસાર, સમુદ્ર મંથન સમયે આસો વદ તેરસના દિવસે ભગવાન વિષ્ણુના અંશ અવતાર તરીકે ભગવાન ધન્વંતરી પ્રગટ થયા હતા. તેમના એકહાથમાં અમૃત કળશ, બીજા હાથમાં શંખ, ત્રીજા હાથમાં ચક્ર અને ચોથા હાથમાં ઔષધિ હતી. તેઓ દેવતાઓના વૈદ્ય છે અને આયુર્વેદના પ્રવર્તક છે. તેમના પ્રાગટ્યથી દેવતાઓને અમરત્વ પ્રાપ્ત થયું અને પૃથ્વી પર આયુર્વેદના જ્ઞાનનો પ્રકાશ ફેલાયો હતો. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાન ધન્વંતરીનું પૂજન કરવામાં આવ્યું હતું. મંત્રના ઉચ્ચારો સાથે ઔષધ પૂજનમાં આયુર્વેદના ગ્રંથો ચરક સંહિતા, સુશ્રુત સંહિતા, વિવિધ ઔષધિઓ અને યંત્રોનું પંચોપચાર પૂજન કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર ના સહયોગથી સર્વના આરોગ્ય માટે ગાયત્રી મહામંત્રના ૧૦૮ આહુતિ આપવામાં આવી હતી.

યજ્ઞ માં ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજય મંત્ર, સૌની સુખાકારી માટેના મંત્રો અને ધન્વંતરી મંત્રના જાપ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ રોગ પર સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલના ઈ/ચા વૈદ્ય પંચકર્મ ડો.સુમિત પટેલ તથા જિલ્લાના તમામ આયુર્વેદ, હોમિયોપેથી મેડિકલ ઓફિસરો, ફાર્માસિસ્ટ, સ્ટાફ અને સેવકગણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત પંચકર્મ હોસ્પિટલનો તમામ સ્ટાફ, યોગ ઈન્સ્ટ્રક્ટર તથા દર્દીઓ પણ હાજર રહ્યા હતા અને સૌએ ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સૌને આયુર્વેદીય ઉકાળા અને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામે 'એક પેડ મા કે નામ 3.0' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થતા રાજ્યપાલશ્રી

વૃક્ષો સાક્ષાત્ દેવતા છે, તેમનું જતન કરી જીવંત રાખવું આપણી પવિત્ર ફરજ છે" - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામે 'એક પેડ મા કે નામ ૩.૦' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતન અને સંવર્ધનનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રકૃતિ સંરક્ષણ અને માતૃવંદનાના રાષ્ટ્રવ્યાપી સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના વરદ હસ્તે વિશેષરૂપે રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ અવસરે વનવિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ના સહયોગથી ગામમાં રોપાઓનું વાવેતર કરાયું હતું. આ પ્રસંગે એક વિશેષ બાબત એ રહી કે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રથમ વખત પોતાના પરિવાર સાથે કોઈ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ માં સહભાગી થયા હતા. રાજ્યપાલશ્રીએ સ્વયં હર્ષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા સવા વર્ષથી ગામડાઓની મુલાકાત લઈ રહ્યા છે પરંતુ આ પ્રથમ અવસર છે જ્યારે તેમનાં ધર્મપત્ની માનનીય લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, પુત્રવધૂ કવિતાજી અને પૌત્ર આર્યમન પણ તેમની સાથે આ ગ્રામીણ જનસેવાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે દીયાળીના તહેવારોની રજાઓમાં પરિવારે ગામડાના લોકો વચ્ચે આવીને તેમની સંસ્કૃતિ અને વિકાસ કાર્યો સાથે જોડાવાનું પસંદ કર્યું છે. ગ્રામજનોને સંબોધતા રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વૃક્ષો આપણને પ્રાણવાયુ આપી સાચું જીવનદાન આપે છે, તેથી જ આપણા શાસ્ત્રોમાં વૃક્ષોને દેવતા સમાન ગણવામાં આવ્યા છે. તેમણે માત્ર વૃક્ષારોપણ કરવા પૂરતું સીમિત ન રહેતાં, વાવેલા દરેક વૃક્ષને પૂરતું પાણી અને માવજત આપી જીવંત રાખવાની સામૂહિક જવાબદારી સ્વીકારવા ગ્રામજનો તથા વન વિભાગને અપીલ કરી હતી. આ સાથે તેમણે સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવી આરોગ્યપ્રદ જીવનશૈલી કેળવવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પવાર, બાલાસિનોરના ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ સોલંકી, અગ્રણીશ્રી દશરથભાઈ બારિયા, જિલ્લા કલેક્ટર શ્રીમતી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સકીન હસન, જોરાપુરાના સરપંચશ્રી, વનવિભાગના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મીઠાઈ-નમકીનના ૧૦૨ નમૂના લેબોરેટરીમાં મોકલાયા, ૧,૮૪૫ કિગ્રા શંકાસ્પદ ઘી સીઝ

દિવાળીના તહેવારોમાં શુદ્ધ અને સાત્વિક ખાદ્યસામગ્રી સુનિશ્ચિત કરવા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જિલ્લાવ્યાપી મેગા ડ્રાઇવ

કમલમ્,પાલનપુર

આગામી દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોને શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્યપદાર્થો મળી રહે તે સુનિશ્ચિત કરવા હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જિલ્લામાં સઘન તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તહેવારો દરમિયાન મીઠાઈ, માવા, ફરસાણ અને નમકીન સહિતના ખાદ્યપદાર્થોની વધતી માંગને ધ્યાને રાખીને જનઆરોગ્ય અને ખાદ્યસુરક્ષાના હિતમાં સ્પેશિયલ ડ્રાઇવ અંતર્ગત વિવિધ ડેરીઓ, મીઠાઈ-માવાના ઉત્પાદકો તેમજ નમકીન અને બીજા વેપારીઓને ત્યાં સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન મીઠાઈ, નમકીન, તૈયાર ખોરાક અને ઘી સહિતના ખાદ્યપદાર્થોના કુલ ૧૦૨ શંકાસ્પદ નમૂના લઈ પૃથ્થકરણ અર્થે સરકારી પબ્લિક એનાલિસ્ટ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. તહેવારો દરમિયાન સ્થળ પર જ ખાદ્યપદાર્થોની ગુણવત્તાની પ્રાથમિક ચકાસણી થઈ શકે તે હેતુથી મોબાઈલ ફૂડ સેફટી વાન દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દૂધ, માવા, નમકીન, ફરસાણ અને મીઠાઈ સહિતના ખાદ્યપદાર્થોના નમૂના પણ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત તહેવારો પૂર્વે હાથ ધરાયેલી ખાસ કાર્યવાહીમાં શંકાસ્પદ ગુણવત્તા ધરાવતા અંદાજે ૧,૮૪૫ કિલોગ્રામ ઘીનો જથ્થો, જેની અંદાજિત કિંમત રૂ. ૧૧,૭૮,૯૩૦ થાય છે, તે જાહેર આરોગ્યના હિતમાં જપ્ત કરવામાં આવ્યો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તહેવારો દરમિયાન ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સલામતી જળવાઈ રહે તે માટે તપાસ અને નમૂના લેવાની ક્રમગતિ સતત ચાલુ રાખવામાં આવી છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય અને તેમને શુદ્ધ તથા સલામત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે તંત્ર દ્વારા ઝુંબેશ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મહિસાગર જિલ્લાના જોરાપુરા ગામે સહપરિવાર સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કર્યું

કચરો ફેલાવનાર કરતાં કચરો સાફ કરનાર વ્યક્તિ હંમેશાં મોટો અને આદરણીય હોય છે -રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

મહીસા ગર જિલ્લા ના બે દિવસીય પ્રવાસે પધારેલા ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાની મુલાકાતના પ્રથમ દિવસે સાંજે બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામની મુલાકાત લીધી હતી. ગામના મુખ્ય ચોકમાં યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં રાજ્યપાલશ્રીએ સ્વયં હાથમાં ઝાડુ પકડીને શ્રમદાન કર્યું હતું. આ પ્રસંગની વિશેષ વાત એ રહી કે, રાજ્યપાલશ્રીની સાથે તેમના ધર્મપત્ની માનનીય લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, પુત્રવધૂ શ્રીમતી કવિતાજી તથા પૌત્ર આર્યમને પણ ઉત્સાહપૂર્વક સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને સફાઈ કરી શ્રમદાન કર્યું હતું. રાજ્યના પ્રથમ નાગરિકને તેમના સમગ્ર પરિવાર સાથે જાતે સફાઈ કરતા જોઈને ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો પણ સ્વયંભૂ આ અભિયાનમાં જોડાયા હતા. આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના 'એક પેડ મા કે નામ' મિશન અંતર્ગત જોરાપુરા ગામમાં વૃક્ષો વાવવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. ગામ એ આપણી માતૃભૂમિ અને કર્મભૂમિ હોવાથી તેને સ્વચ્છ અને પવિત્ર રાખવું એ આપણી નૈતિક ફરજ છે. પૂજ્ય બાપુના વિચારોને ટાંકીને તેમણે ઉમેર્યું કે, જ્યાં સ્વચ્છતા હોય ત્યાં જ ઈશ્વરનો વાસ હોય છે. સ્વચ્છતા જાળવવાથી ગામ રોગમુક્ત બને છે અને લોકોના આરોગ્ય ખર્ચમાં પણ બચત થાય છે. તેમણે માત્ર સફાઈ કર્મચારીઓ પર નિર્ભર રહેવાને બદલે દરેક નાગરિકને કચરો ન ફેલાવવા અને કાયમી ધોરણે સ્વચ્છતા જાળવવા સંકલ્પબદ્ધ બનવા આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કચરો ફેલાવનાર કરતાં કચરો સાફ કરનાર વ્યક્તિ હંમેશાં મોટો અને આદરણીય હોય છે. કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રીએ ગામના સફાઈ કર્મચારીઓનું સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે તેમણે ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી, પશુપાલન અને બાળકોના સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પવાર, બાલાસિનોરના ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ સોલંકી, અગ્રણી શ્રી દશરથભાઈ બારિયા, જિલ્લા કલેક્ટર શ્રીમતી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સકીન હસન, ગામના સરપંચ શ્રી સહિત પદાધિકારીઓ, અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



વલસાડના ધરાસણા ગામની હરી ઓમ સખી મંડળની બહેનો ગૃહિણીમાંથી આત્મનિર્ભર ઉદ્યોગસાહસિક બની

કમલમ્,વલસાડ

એક સમયે ઘરની ચાર દીવાલોમાં રહીને માત્ર ઘરકામ કરતી મહિલાઓ આજે પોતાની આવડત અને મહેનતના બળે આર્થિક રીતે આત્મનિર્ભર બની અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે. વલસાડ તાલુકાના ધરાસણા ગામના કંચનફળિયામાં કાર્યરત હરી ઓમ સખી મંડળની ૧૨ બહેનોએ સ્વરોજગારનો માર્ગ અપનાવી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. દિવાળીના પર્વે ઉપયોગી દીવડા, આકર્ષક કાચના બાઉલમાં રંગબેરંગી કેન્ડલ, વિવિધ પ્રકારની ચોકલેટ અને સ્વાદિષ્ટ શરબત જેવી હાથ બનાવટની ચીજવસ્તુઓનું વેચાણ કરી તેઓ આર્થિક રીતે પગભર બની રહી છે. સાથે જ સ્થાનિક કારીગરો અને સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના મંત્રને પણ સાર્થક કરી રહી છે. હરી ઓમ સખી મંડળનાં સભ્ય બીનીતાબેન ભરતભાઈ પટેલ જણાવે છે કે, પહેલાં અમે મહિલાઓ માત્ર ગૃહિણી તરીકે ઘરની જવાબદારીઓ નિભાવતી હતી. ઘરકામ કર્યા બાદ અમારી પાસે કોઈ રોજગાર કે આવકનું સાધન ન હતું. એક દિવસ આંગણવાડીના બહેન અમારા ઘરે આવ્યા હતા. તેમણે અમને તમામ બહેનોને એકત્ર થઈ સખી મંડળ બનાવવાની સલાહ આપી હતી. સખી મંડળની રચના કરવાથી સરકાર તરફથી આર્થિક સહાય મળશે અને રોજગારીની તક પણ ઊભી થશે તેવી વાત અમને ગમી. પરિણામે ૧૨ બહેનો એકત્ર થઈ પાંચ વર્ષ પહેલાં હરી ઓમ સખી મંડળની સ્થાપના કરી હતી. રાજ્ય સરકાર તરફથી મંડળને અત્યાર સુધીમાં રૂ. ૧૨ હજાર અને રૂ. ૫ હજારની આર્થિક સહાય મળી છે. આ સહાય અને પોતાની મહેનતના સહારે બહેનોએ વિવિધ ગૃહઉદ્યોગો શરૂ કર્યા છે. તેઓ દીવડા ઉપરાંત જાસૂદ અને કમળના ફૂલના આકારના કાચના ગ્લાસમાં આકર્ષક રંગબેરંગી કેન્ડલ તૈયાર કરે છે. આ ઉપરાંત અપરાજિતા, જાસૂદ, કાચી કેરી, આમળા, જમરૂખ અને સફરજન સહિત વિવિધ ફળોમાંથી



સ્વાદિષ્ટ શરબત બનાવી તેનું બોટલમાં પેકિંગ કરી વેચાણ કરે છે. ચોકલેટ બનાવવાની કળામાં પણ બહેનોએ આગવી કુશળતા મેળવી છે. તેઓ ડાર્ક મિલ્ક, વ્હાઈટ ઓરેન્જ અને ડ્રાયફ્રૂટ્સ જેવી વિવિધ વેરાઈટીની ચોકલેટ તૈયાર કરે છે. વર્ષ દરમિયાન રાજ્ય સરકારના આત્મા પ્રોજેક્ટ દ્વારા વિવિધ સ્થળોએ યોજાતા મેળા અને પ્રદર્શનોમાં સ્ટોલ મેળવી પોતાની હાથ બનાવટની ચીજવસ્તુઓનું વેચાણ કરે છે. આ ઉપરાંત લગ્નપ્રસંગો અને અન્ય શુભ પ્રસંગો માટે શરબત તથા ચોકલેટના ઓર્ડર પણ સ્વીકારે છે. એટલું જ નહીં, અન્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે કેન્ડલ બનાવવાની તાલીમ પણ આપે છે. આવક અંગે બીનીતાબેન જણાવે છે કે, અમારી બનાવેલી વિવિધ પ્રોડક્ટનું નિયમિત વેચાણ થાય ત્યારે મહિને અંદાજે રૂ. ૨૫ હજાર જેટલી આવક થાય છે. ખાસ કરીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને આત્મા પ્રોજેક્ટ દ્વારા અમને વિનામૂલ્યે સ્ટોલની સુવિધા આપવામાં આવે છે, જેના કારણે વેચાણ માટે થતો ખર્ચ બચે છે. સાપુતારા અને સુરત ખાતે યોજાતા સ્વદેશી મેળાઓમાં પણ અમને વિનામૂલ્યે લઈ જવામાં આવે છે. આ સુવિધાઓના કારણે અમારી પ્રોડક્ટને વધુ લોકો સુધી પહોંચાડવાની તક મળે છે અને અમને આર્થિક રીતે ઘણી રાહત થાય છે. તેઓ વધુમાં જણાવે છે કે, આજે અમારા ગામની બહેનો પોતાના પગભર બની છે, તેનો અમને ખૂબ જ આનંદ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની 'વોકલ ફોર લોકલ'ની પહેલથી સ્થાનિક સ્તરે બનતી વસ્તુઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. લોકો પણ ખુશીથી અમારી હાથ બનાવટની ચીજવસ્તુઓ ખરીદીને અમારો ઉત્સાહ વધારે છે. આ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અમલમાં મૂકવામાં આવતી મિશન મંગલમ યોજના થકી મળેલા આર્થિક સહયોગ બદલ પણ અમે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામક અશોક ડાંગી અને ટીમના આભારી છીએ.

આ યોજનાએ મહિલાઓને સંગઠિત કરી સ્વરોજગાર તરફ આગળ વધવા અને આત્મનિર્ભર બનવા માટે મહત્વપૂર્ણ પ્રેરણા પૂરી પાડી છે. આમ, ધરાસણા ગામની હરી ઓમ સખી મંડળની બહેનોએ એકતાની શક્તિ, કૌશલ્ય અને મહેનતના સમન્વયથી ગૃહિણીમાંથી સફળ ઉદ્યોગસાહસિક બનવાની સફર ખેડી છે. તેમનો આ પ્રયાસ માત્ર આર્થિક સશક્તિકરણ પૂરતો સીમિત નથી, પરંતુ ગ્રામ્ય મહિલાઓમાં આત્મવિશ્વાસ, સ્વાવલંબન અને ઉદ્યોગસાહસિકતાની ભાવના જગાડતી પ્રેરણાદાયી સફળતાગાથા પણ છે.

રાજ્યપાલશ્રીએ સહપરિવાર બાલાસિનોરના જોરાપુરા ગામે અનુસૂચિત જાતિ પરિવારના ઘરે સાદા ભોજનનો આસ્વાદ માણ્યો



કમલમ્,

મહીસાગર જિલ્લાની મુલાકાતે પધારેલા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, તેમના ધર્મપત્ની માનનીય લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, પુત્રવધૂ કવિતાજી અને પૌત્ર આર્યમને બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામના અનુસૂચિત જાતિ પરિવારના શ્રી અંબાલાલ ચીમનભાઈ સાધુબાવાના ઘરે મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ પોતાના પરિવાર સાથે અંબાલાલભાઈના પરિવારજનો સાથે બેસીને પ્રેમપૂર્વક સાદા દેશી ભોજનનો આસ્વાદ માણ્યો હતો. રાજ્યપાલશ્રી તેમજ તેમના પરિવારજનોએ અત્યંત સહજતા, સરળતા અને આત્મીયતા સાથે પરિવારના તમામ સભ્યો સાથે વાર્તાલાપ કરી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. પરિવારના મોભી શ્રી અંબાલાલભાઈ તેમજ તેમના પરિવારજનો સાથે સાહજિક સંવાદ સાધીને રાજ્યપાલશ્રીએ તેમના દૈનિક જીવન, રોજગાર અને જીવનનિર્વાહ વિશે રસપૂર્વક માહિતી મેળવી હતી. પરિવારજનો દ્વારા પીરસાયેલા પરંપરાગત અને સાત્વિક ભોજનનો આનંદ માણતા રાજ્યપાલશ્રીએ પરિવારની ઉષ્માભરી મહેમાનગતિની મુક્ત મને પ્રશંસા કરી હતી. રાજ્યપાલશ્રીના સપરિવાર આગમન અને તેમના સ્નેહપૂર્ણ તેમજ સાદગીભર્યા વ્યવહારથી પરિવારજનો ભાવવિભોર થઈ ગયા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ અંબાલાલભાઈ અને તેમના સમગ્ર પરિવારને લોકભવન ખાતે પધારવા માટે હાર્દિક આમંત્રણ પણ પાઠવ્યું હતું.

બાલાસિનોરના જોરાપુરા ગ્રામ પંચાયત ખાતે આયોજિત રાત્રિસભામાં ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

શિક્ષણ, વ્યસનમુક્ત સમાજ, સામાજિક સમરસતા, સ્વચ્છતા, વૃક્ષારોપણ, પ્રાકૃતિક ખેતી સહિતના મુદ્દાઓ ઉપર વિશેષ માર્ગદર્શન આપ્યું

કમલમ્,

મહીસાગર જિલ્લાના પ્રવાસે સહપરિવાર પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જોરાપુરા ગ્રામ પંચાયત કચેરી ખાતે આયોજિત રાત્રિસભામાં ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. જેમાં તેમણે શિક્ષણ, વ્યસનમુક્ત સમાજ, સામાજિક સમરસતા, સ્વચ્છતા, વૃક્ષારોપણ અને પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે ખેતી અને પશુપાલન એકબીજાના પૂરક છે. પશુધન વિનાની ખેતી અને ખેતી વિનાનું પશુપાલન આર્થિક રીતે નુકસાનકારક સાબિત થાય છે. ગ્રામીણ પરિવારોની આવક વધારવા માટે પશુઓની નસ્લ સુધારણા અને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતીનો સમન્વય અનિવાર્ય છે. શિક્ષણની સાથે સંસ્કારના મહત્વ વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ અને સંસ્કાર એ કોઈ પણ



સમાજ અને પરિવારની પ્રગતિના મુખ્ય આધારસ્તંભ છે. વર્તમાન સમયમાં મોબાઈલ, ટીવી અને ખરાબ સંગત બાળકોને ગેરમાર્ગે દોરી શકે છે. મિલકત કે સંપત્તિ કમાઈ આપવા કરતાં બાળકોને ઉચ્ચ સંસ્કાર આપવા વધુ જરૂરી છે, કારણ કે સંસ્કારો વગરનું બાળક વ્યસનો અને ખરાબ સંગતમાં પડીને સમગ્ર સંપત્તિ બરબાદ કરી દે છે. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગ્રામ્ય વિસ્તારમાં શુદ્ધ પર્યાવરણ અને ભૂગર્ભ જળની વિપુલ ઉપલબ્ધતા એક કુદરતી વરદાન છે. ખેડૂતો પોતાના ખેતરના ઓછામાં ઓછા એક ભાગમાં પરિવાર માટે ઝેરમુક્ત અનાજ અને શાકભાજી પકવે અને ધીમે ધીમે સમગ્ર ખેતીને પ્રાકૃતિક ખેતી તરફ વાળે તે સમયની માંગ છે. આજે રાજ્યભરમાં અને દેશભરમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોની માંગ સતત વધી રહી છે. ડાંગ જિલ્લાનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે સંપૂર્ણ પ્રાકૃતિક જિલ્લો બન્યા બાદ ત્યાંના ઉત્પાદનો સુરત સહિતના મોટા શહેરોમાં ઊંચા ભાવે વેચાઈ રહ્યા છે. આ અવસરે પ્રાકૃતિક ખેતી અપનાવવા ગ્રામજનોને આહ્વાન કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ પ્રાકૃતિક ખેતીને રાષ્ટ્રીય મિશન બનાવી દીધું છે. અનેક ગંભીર બીમારીઓનું મૂળ કારણ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓવાળા ઝેરયુક્ત ઉત્પાદનો છે. આ કાર્યક્રમની શરૂઆતમાં માનનીય લેડી ગવર્નરશ્રી શ્રીમતી દર્શના દેવીજીએ ભજનનું ગાન કરી ઉપસ્થિત ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, પોલીસ અધિક્ષક શ્રી સફિન હસન સહિતના પદાધિકારીઓ-અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં જોરાપુરા ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામની પ્રાથમિક શાળામાં રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીનો રાત્રિ વિશ્રામ



કમલમ્,

ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામની પ્રાથમિક શાળાના સાધારણ કક્ષમાં રાત્રિ વિશ્રામ કર્યો હતો. વહેલી સવારે જોરાપુરામાં સરસ્વતી હાઈસ્કુલના પ્રાંગણમાં રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામવાસીઓ સાથે યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સ્વસ્થ શરીર એ ઈશ્વરની સૌથી મોટી ભેટ છે. બીમાર પડીને ઈલાજ કરાવવા કરતાં બીમારી આવે જ નહીં તે રીતે જીવન જીવવું એ જ ખરી સમજદારી છે. તેમણે શાળા પરિવારને અનુરોધ કર્યો હતો કે વિદ્યાર્થીઓમાં યોગ માત્ર એક દિવસીય પ્રવૃત્તિ ન રહેતાં તેમના નિત્ય સ્વભાવ અને આદતનો ભાગ બને તેવું વાતાવરણ નિર્માણ કરવામાં આવે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ૨૧ જૂન 'વિશ્વ યોગ દિવસ' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે, ત્યારે યોગની આ અમૂલ્ય પ્રાચીન વિદ્યાનો લાભ પ્રત્યેક વિદ્યાર્થી મેળવે તે અનિવાર્ય છે. આ પ્રસંગે યોગ અને પ્રાણાયામના શારીરિક તથા માનસિક લાભોથી સૌને અવગત કરાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મસ્તિષ્કનો વાસ હોય છે. યોગ એ આપણી પ્રાચીન સંસ્કૃતિની એવી અમૂલ્ય ભેટ છે, જે આપણને શારીરિક અને માનસિક રીતે સુદ્રઢ તથા સશક્ત બનાવે છે. તેમણે વિદ્યાર્થીઓ અને નાગરિકોને યોગને પોતાની દૈનિક જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવા પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓને જીવન ઘડતરની અમૂલ્ય શિખ આપતાં રાજ્યપાલશ્રીએ વડીલો પ્રત્યે આદરભાવ રાખવાથી આયુષ્ય, વિદ્યા, યશ અને બળમાં થતી વૃદ્ધિનો મહિમા સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, મનુષ્ય પૂર્ણ નથી તેથી ભૂલો થઈ શકે છે; પરંતુ કરેલી ભૂલને ક્યારેય છુપાવવી જોઈએ નહીં. ભૂલ છુપાવવાથી વ્યક્તિ વધુ ગૂંચવણ અને ગુનાહિત માનસિકતા તરફ ધકેલાય છે.

જીવનમાં કોઈપણ મુશ્કેલી કે ભૂલ થાય ત્યારે નિખાલસપણે પોતાના માતા-પિતા અને ગુરુજનો સમક્ષ રજૂ કરવાથી યોગ્ય સમાધાન મળે છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બાલાસિનોરના ગધાવાડા ગામે અનુસૂચિત જાતિ પરિવાર સાથે અલ્પાહાર કરીને સામાજિક સમરસતા અને સાદગીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

ગધાવાડા પ્રાથમિક શાળા ખાતે રાજ્યપાલશ્રીએ સામાજિક એકતા, કન્યા કેળવણી અને પ્રાકૃતિક ખેતી વિશે નાગરિકો સાથે કર્યો સંવાદ

કમલમ્,

સમાનતા અને સામાજિક સમરસતાના મૂલ્યોને સાર્થક કરતા ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ગધાવાડા ગામની મુલાકાત લઈને અનુસૂચિત જાતિ પરિવારના શ્રી અરવિંદભાઈ ગોવિંદભાઈ વણકરના નિવાસસ્થાને સવારનો અલ્પાહાર કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ગધાવાડા ગામના અનુસૂચિત જાતિ પરિવારના શ્રી અરવિંદભાઈ ગોવિંદભાઈ વણકર અને તેમના પરિવારના સભ્યો સાથે અલ્પાહાર કરીને મહેમાનગતિને બિરદાવી હતી. રાજ્યપાલશ્રીએ પરિવારના સભ્યો સાથે તેમના રોજિંદા જીવન, શિક્ષણ અને આજીવિકાના સ્રોતો અંગે આત્મીયતાથી ચર્ચા કરી હતી. ત્યારબાદ ગધાવાડા પ્રાથમિક શાળા ખાતે આયોજિત સંવાદ દરમિયાન ગ્રામજનોને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ઈશ્વરે સમગ્ર માનવજાતને એકસમાન બનાવ્યા છે. ઊંચ-નીચ કે જાતિ-પાતિના ભેદભાવ મનુષ્ય નિર્મિત છે. વેદોના 'શૃણ્વન્તુ વિશ્વે અમૃતસ્ય પુત્રાઃ' મંત્રને ટાંકીને તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે આપણે સૌ એક જ પરમાત્માના સંતાનો છીએ અને માનવતા જ આપણી ખરી ઓળખ છે. સમાજમાં પ્રત્યેક વ્યક્તિનું લોહી અને મૂળભૂત સંરચના સમાન છે, તેથી અંદરોઅંદર ભેદભાવ રાખવાને બદલે એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી થઈ નબળા વર્ગને આગળ લાવવા સહાયરૂપ બનવું એ જ સાચી માનવતા છે. રાજ્યપાલશ્રીએ રાજ્યમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતીના જનઅભિયાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માર્ગદર્શન અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસોથી આજે ગુજરાતમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. આ ખેતી પદ્ધતિથી ધરતીમાતાની ફળદ્રુપતા વધે છે, શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે છે અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થાય છે. આ સાથે તેમણે પશુપાલકોને ગીર ગાય જેવી ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દેશી ગાયોનું સંવર્ધન કરવા અપીલ કરી હતી, જેથી દૂધ ઉત્પાદન વધારી પશુપાલન દ્વારા પણ પરિવારની આવક બમણી કરી શકાય. ઉપરાંત, રાજ્યપાલશ્રીએ ગામના વાલીઓને સંતાનોના શિક્ષણ અને સંસ્કાર



ઘડતર પર વિશેષ ધ્યાન આપવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ થયા પછી બાળકોનો અભ્યાસ અટકાવવો જોઈએ નહીં. દીકરા-દીકરી વચ્ચે કોઈ ભેદ રાખ્યા વિના બંનેને ઉચ્ચ શિક્ષણ અપાવવું જોઈએ. વ્યસનથી દૂર રહી બાળકોમાં સદાચાર અને શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન કરવાથી જ તેઓ ગામ, સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારી શકશે. ગધાવાડા ખાતે યોજાયેલા આ સંવાદમાં ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, પોલીસ અધિક્ષક શ્રી સફીન હસન સહિત ગ્રામજનો અને ખેડૂત ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના કરણપુર ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી દિનેશભાઈ પટેલના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી

રાસાયણિક ખાતરોથી ધરતી બંજર બને છે; પ્રાકૃતિક કૃષિ અને ગૌ-પાલન જ ભાવી પેઢીનું રક્ષણ કરશેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



જમીનની ફળદ્રુપતા અને ભાવિ પેઢીના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી અનિવાર્ય: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

મહીસાગર જિલ્લાની મુલાકાત દરમિયાન ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બાલાસિનોર તાલુકાના કરણપુર ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી દિનેશભાઈ મનોહરભાઈ પટેલના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. ફાર્મ ખાતે પહોંચી રાજ્યપાલશ્રીએ સૌપ્રથમ સ્વયં ગાય દોહી ઉપસ્થિત ખેડૂતોને દેશી ગાયનું પાલન કરવા અને ગાય આધારિત ખેતી પદ્ધતિ અપનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. ત્યારબાદ તેમણે ખેતરમાં હળ ચલાવી જમીન અને પાકની પરિસ્થિતિ નિહાળી હતી. ફાર્મની મુલાકાત બાદ સ્થાનિક ખેડૂતો સાથે સંવાદ સાધતા રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જમીનમાં જ્યાં સુધી ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધશે નહીં ત્યાં સુધી કૃષિ ઉત્પાદન કે ગુણવત્તામાં ક્યારેય વધારો થઈ શકે નહીં. યુરિયા, ડીએપી જેવા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટે છે અને ધરતી માતા ધીમે-ધીમે બંજર બનતી જાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે વિશ્વનો કોઈ પણ કૃષિ વૈજ્ઞાનિક એવું સાબિત કરી શકતો નથી કે રાસાયણિક ખાતરોથી જમીન સુધરે છે.

રાસાયણિક ખેતીથી ઉત્પન્ન થતો ઝેરી આહાર આજે માનવજાતમાં કેન્સર, હાર્ટ એટેક અને ડાયાબિટીસ જેવા ગંભીર રોગોનું કારણ બની રહ્યો છે, જેમાંથી બચવાનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. રાજ્યપાલશ્રીએ દેશી ગાયના પાલનને પ્રાકૃતિક ખેતીનો મૂળ આધાર ગણાવતા જણાવ્યું હતું કે, ગાય અને ખેતી એકબીજાના પૂરક છે. ગૌવંશના ગોબર અને ગોમૂત્રમાંથી બનતા ઘનજીવામૃત, જીવામૃત અને બીજામૃત જમીનને પુનર્જીવિત કરે છે. તેમણે ખેડૂતોને ઉત્તમ ગુણવત્તાવાળી દેશી ગાયોનું સંવર્ધન કરવા તેમજ સેક્સ સોર્ટેડ સીમન જેવી આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી પશુધનની ગુણવત્તા સુધારવા આહવાન કર્યું હતું, જેથી ખેડૂતોને દૂધ થકી નિયમિત આવક મળી રહે. કૃષિ અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ-કર્મચારીઓને રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા તૈયાર કરાયેલા ક્લસ્ટર અને માસ્ટર ટ્રેનર્સ માત્ર કાગળ પર ન રહેતા ગામડાઓમાં સીધા ખેડૂતોના ખેતર સુધી પહોંચે તે અનિવાર્ય છે. જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ અને વાવેતર વિસ્તાર વધારવા માટે અધિકારીઓએ મિશન મોડમાં અને સંવેદનાપૂર્વક કામ કરવું પડશે. ઉત્તમ પરિણામ આપતા મોડેલ ફાર્મ્સની અન્ય ખેડૂતોને મુલાકાત કરાવી વધુમાં વધુ ધરતીપુત્રો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તેવા નક્કર પ્રયાસો હાથ ધરવા તેમણે જણાવ્યું હતું. આ મુલાકાત વેળાએ બાલાસિનોર ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, પોલીસ અધિક્ષક શ્રી સફીન હસન, આત્મા પ્રોજેક્ટની ટીમ તેમજ આસપાસના ગામોમાંથી ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ શહેર પશ્ચિમ મામલતદાર કચેરી ખાતે ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહના હસ્તે 'આધાર સેવા કેન્દ્ર'નો શુભારંભ

નવું 'આધાર સેવા કેન્દ્ર' કાર્યરત થતા આધાર કાર્ડ અપડેટ, નવી નોંધણી સહિતની સેવાઓ નાગરિકોને સુગમતાથી મળશે

કમલમ્,રાજકોટ

નાગરિકોને આધાર કાર્ડ સંબંધિત તમામ સેવાઓ ઝડપથી મળી રહે તે હેતુથી મામલતદાર કચેરી, રાજકોટ શહેર પશ્ચિમ ખાતે 'આધાર સેવા કેન્દ્ર'નો ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહ દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. આ લોકાર્પણ અવસરે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશે વિશેષ ઉપસ્થિત રહી કેન્દ્રને નાગરિકો માટે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી અતુલ સિંહ, મામલતદાર શ્રી એન.પી.પંડ્યા તથા



મામલતદાર કચેરી, રાજકોટ શહેર પશ્ચિમના અન્ય અધિકારીશ્રીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નવું આધાર સેવા કેન્દ્ર શરૂ થવાથી નાગરિકોને આધાર કાર્ડમાં નામ, સરનામું, જન્મ તારીખ, મોબાઈલ નંબર તથા બાયોમેટ્રિક અપડેટ કરવા તેમજ બાળકોના નવા આધાર કાર્ડની નોંધણી સહિતની સેવાઓ મેળવવામાં સુગમતા રહેશે.

સુરતમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં દીપાવલી અને નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો

તહેવારોમાં પણ જનસેવા અર્થે સતત કાર્યરત પોલીસ, ફાયર બ્રિગેડ, એસ.ટી. અને સફાઈકર્મીઓની નિષ્ઠાને નાયબ મુખ્યમંત્રીશ્રીએ બિરદાવી







વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષ નિમિત્તે સૌ નાગરિકો અને રાત-દિવસ ફરજ બજાવતા કર્મયોગીઓને શુભકામનાઓ પાઠવતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

કમલમ્,
સુરત શહેરના મહારાજા અગ્રસેન ભવન ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં દીપાવલી અને વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતના નાગરિકો તેમજ તહેવારોના દિવસોમાં પણ પરિવારથી દૂર રહીને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કર્મયોગીઓને દીપાવલી અને નવા વર્ષનીહાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાના સંવર્ધન માટે તમામ વ્યવહારો અને લખાણોમાં 'વિક્રમ સંવત' કેલેન્ડરનો ઉપયોગ કરવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અંગ્રેજી કેલેન્ડર પદ્ધતિની તુલનાએ આપણી પંચાંગ-કેલેન્ડર પદ્ધતિ ખગોળીય ગણતરીઓ, ઋતુઓ અને તિથિઓ સાથે જોડાયેલી અત્યંત વૈજ્ઞાનિક તથા સમૃદ્ધ વિરાસત છે. વર્ષો જૂની આ ગૌરવપૂર્ણ વૈજ્ઞાનિક વિરાસતને આવનારી પેઢી સુધી પહોંચાડવી એ આપણી સહુની સામૂહિક જવાબદારી છે. દિવાળી પર્વ દરમિયાન સામાન્ય નાગરિકો પરિવાર સાથે નિર્ભયતા અને આનંદથી તહેવાર ઉજવી શકે તે માટે સતત કાર્યરત રહેતા પોલીસ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વચ્છતાદૂતો, GSRTC ના ડ્રાઈવર-કંડક્ટર અને ફાયર બ્રિગેડના જવાનોની સમર્પિત સેવાઓને તેમણે વિશેષ રૂપે બિરદાવી હતી. રાત-દિવસ એક કરીને નાગરિકોની સુરક્ષા અને સુવિધાજાળવતા આ કર્મયોગીઓની નિષ્ઠા જ રાજ્યના વિકાસનું સાચું બળ છે તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં જી.એસ.ટી.ની આવકમાં થયેલા સતત વધારા સાથે ગુજરાત ઝડપી વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. નવા વર્ષના પ્રારંભે ભૂતકાળના તમામ મતભેદો ભૂલીને, નવા ચોપડાની જેમ નવા સંબંધોની શરૂઆત કરી રાજ્યના જનકલ્યાણ અર્થે એક ટીમ તરીકે કાર્યરત રહેવા તેમણે આહ્વાન કર્યું હતું. વિશેષરૂપ પોલીસ સ્ટેશનો અને પોલીસ આવાસોના પરિસરને રાજ્યમાં સૌથી સ્વચ્છ, સુઘડ અને આદર્શ બનાવવા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીના સ્નેહમિલન સમારોહમાં જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમાર, મ્યુનિસિપલકમિશનરશ્રી જગદીશકુમાર બેનીવાલ તથા પોલીસ કમિશનરશ્રી વી.બી.દેસાઈ સહિત પોલીસ કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







પોલીસ સ્ટેશનો અને પોલીસ વિભાગના સરકારી આવાસોને રાજ્યમાં સૌથી સ્વચ્છ અને સુઘડ બનાવવાની હિમાયત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી

વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદમાં રૂ.૨૮૭ લાખના ખર્ચે નવનિર્મિત હડકાઈ માતાજી ગાર્ડનનું લોકાર્પણ કરાયું

થરાદ નગરપાલિકા દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ હડકાઈ માતાજી ગાર્ડન-લેક પ્રજા માટે ખુલ્લું મુકાયું

કમલમ્, થરાદ
ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદ નગરપાલિકા વિસ્તારમાં લોકકલ્યાણ અર્થે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય સરકારની 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત અંદાજે રૂ. ૨૮૭.૦૦ લાખના ખર્ચે સાકાર થયેલ 'હડકાઈ માતાજી ગાર્ડન તથા લેક ડેવલપમેન્ટ'ની કામગીરીનું વિધિવત લોકાર્પણ કરી પ્રજાજનો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગેઅધ્યક્ષશ્રીએ જણાવ્યુંહતું કે, છેવાડાના વિસ્તારો સુધી સુવિધાઓ પહોંચાડી નગરજનોના જીવનધોરણને વધુ સુવિધાસભર અને સમૃદ્ધ બનાવવું એ સરકારની, મુખ્ય નેમ છે. શહેરી વિસ્તારમાં આવા મનોરંજન અને કુદરતી વાતાવરણ પૂરું પાડતા પ્રોજેક્ટ્સ નાગરિકોના આરોગ્ય અને બાળકોના માનસિક-શારીરિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે નગરપાલિકાની કામગીરીની સરાહના કરતા સ્થાનિકલોકોને આ સુંદર પરિસરની સ્વચ્છતા અને જાળવણીમાં સહયોગ આપી પોતાની જાહેર મિલકત સમજી સંભાળ રાખવા અનુરોધ કર્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ તળાવ અને ગાર્ડન પરિસરમાં સુંદર લેન્ડસ્કેપિંગ, આકર્ષક સ્ટ્રીટલાઈટ, નાગરિક માટે સીટિંગ એરેન્જમેન્ટ, ગાઝેબો, એન્ટ્રી ગેટ તેમજ હયાત કમ્પાઉન્ડ વૉલ અને ગ્રીલ રિનોવેશનની વિસ્તૃત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પરિસરના પ્રવેશદ્વાર પર વુડન ટાઈઝ ફેરો સિમેન્ટ ગેટ તેમજ ગાર્ડન કમ્પાસમાં ટેન્સાઈલ ગાઝેબો તથા વુડનટાઈપ ગાઝેબો ઊભા કરવામાં આવ્યા છે. તળાવની ફરતે વુડન ટાઈપ ગ્રીલ લગાવવાની સાથે સ્લોપ પ્રોટેક્શનમાં જૂના પથ્થર પીચીંગનું રિપેરિંગ કામ પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. બાળકોના મનોરંજન અને શારીરિક વિકાસ માટે ખાસ ચિલ્ડ્રન પ્લે એરિયા તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ચેસ્ટ પ્રેસ, લેગ પ્રેસ, સાયકલ, આમ એક્સરસાઈઝર અને લપસણી જેવા આધુનિક રમતના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. વિશેષરૂપે, થરાદમાં પ્રથમ વખત આ ગાર્ડનને સીસીટીવી કેમેરાથી સુસજ્જ કરવામાં આવ્યું છે, જેનાથી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થશે. તદુપરાંત, મુલાકાતીઓની સગવડતા માટે ગાર્ડન કમ્પાસમાં પે એન્ડ યુઝ શૌચાલયની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે થરાદ નગરપાલિકા પ્રમુખ શ્રી અર્જુનસિંહ વાઘેલા, જિલ્લા અગ્રણી શ્રી નરશીભાઈ ઠાકોર, પૂર્વ સાંસદ શ્રી પરબતભાઈ પટેલ સહિતના અગ્રણીઓ, અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



વાવ-થરાદ જિલ્લાના નાગલા ગામના પરિવારો માટે આશાનું નવું પ્રભાત: અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના સંનિષ્ઠ પ્રયાસોથી ૩૭૧ પરિવારોને મળ્યા પોતાના પ્લોટ

અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના સંવેદનશીલ અભિગમથી નાગલા ગામનું પુનર્વસન સંપન્ન

એક જ દિવસે આટલા પરિવારોને પ્લોટ આપી ગુજરાતમાં દાખલો બેસાડ્યોઃ દેવશીભાઈ પટેલે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીનો આભાર વ્યક્ત કર્યો



કમલમ્, થરાદ
વાવ-થરાદ જિલ્લાના નાગલા ગામના ગ્રામજનો માટે આજનો દિવસ ઐતિહાસિક અને યાદગાર બની રહ્યો હતો. વર્ષોથી પુનર્વસનની આશા રાખીને બેઠેલા પરિવારોની લાંબી પ્રતીક્ષાનો અંત લાવી, પુનર્વસન યોજના અંતર્ગત કુલ ૩૭૧ લાભાર્થી પરિવારોને પ્લોટની સનદોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સનદો માત્ર જમીનના કાગળો ન બની રહેતાં, ગ્રામજનોના સુરક્ષિત ભવિષ્ય અને નવી શરૂઆતની આશાનું પ્રતીક બની સૌની સમક્ષ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કલ્પેશ શર્માના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. નાગલા ગામમાં પુનર્વસનની પ્રક્રિયા વર્ષ ૨૦૧૬-૧૭થી શરૂ થઈ હતી, પરંતુ જમીન અને વહીવટી મંજૂરીઓની જટિલતાને કારણે વર્ષો સુધી આ મામલો વિલંબિત રહ્યો હતો. ગ્રામજનોની આ વેદનાને વાચા આપીને થરાદના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રશ્ને પ્રાથમિકતા આપી અંગત રસ લીધો હતો. તેમના સતત ફોલોએપ, ઉચ્ચ સ્તરે થયેલી સંવેદનશીલ રજૂઆતો અને સંનિષ્ઠ પ્રયાસોના ફળસ્વરૂપે તા. ૧૩/૦૮/૨૦૨૬ના રોજ રાજ્ય સરકાર દ્વારા પુનર્વસન યોજનાને અંતિમ મંજૂરી મળી શકી હતી. શ્રી શંકરભાઈ ચૌધરીના સતત માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તમામ કાયદાકીય પ્રક્રિયાઓ ઝડપભેર પૂર્ણ થતાં આજે ૩૭૧ પરિવારોને પોતાના ઘરના પ્લોટની સનદ મળી શકી છે. કાર્યક્રમ દરમિયાન પોતાના હક્કના પ્લોટની સનદ મળતાં લાભાર્થી પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ગ્રામજનોએ વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગામના આગેવાન જીવરાજભાઈ પટેલે જણાવ્યું હતું કે, પુનર્વસન યોજનામાં જે કાંઈ લાભાર્થીઓ ટેકનિકલ કારણોસર બાકી રહી ગયા છે, તેમને પણ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરાવી ટૂંક સમયમાં લાભ અપાશે, આ ઉપરાંત, પુનર્વસન વિસ્તારમાં રોડ, રસ્તા, પાણી અને પ્રાથમિક સુવિધા ઝડપથી ઉપલબ્ધ કરાવવા માટેપણ તમામ પ્રયાસો ચાલુ રહેશે તેવી તેમણે ખાતરી આપી હતી. આ પ્રસંગે સરપંચ શ્રી દેવશીભાઈ પટેલે જણાવ્યું હતું કે, એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં પરિવારોને પ્લોટની સનદોનું વિતરણ કરીને વહીવટી તંત્ર અને નેતૃત્વએ સમગ્ર ગુજરાતમાં એક ઉત્તમ અને પ્રેરણારૂપ દાખલો બેસાડ્યો છે. વર્ષોથી અટકેલા આ જટિલ પ્રશ્નને ઉકેલીને ગરીબ પરિવારોને માથેછત આપવાનું ઐતિહાસિક કાર્ય ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના સંનિષ્ઠ પ્રયાસો અને સંવેદનશીલ અભિગમને કારણે જ શક્ય બન્યું છે, જે બદલ તેમણે સમગ્ર નાગલા ગામ વતી અધ્યક્ષશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે થરાદ પ્રાંત અધિકારીશ્રી સાજન મેર, તાલુકા વિકાસ અધિકારીશ્રી રાજેશભાઈ જોશી, સરપંચ દેવશીભાઈ પટેલ, અગ્રણી સરદારસિંહ વાઘેલા, હિતેશભાઈ પટેલ સહિત સ્થાનિક આગેવાનો, વહીવટી અધિકારીઓ, લાભાર્થી પરિવારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



દિવાળીના પર્વે 'વોકલ ફોર લોકલ'નો સંદેશ: આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ કામરેજ ખાતે કુંભાર પરિવારો પાસેથી હાથબનાવટના દીવડાઓની ખરીદી કરી

કમલમ્,સુરત
દિવાળીના પાવન પર્વે સ્વદેશી સંસ્કૃતિ, પરંપરા અને સ્થાનિક કારીગરોના કૌશલ્યવર્ધન, પ્રોત્સાહન આપવાના ઉમદા સંદેશ સાથે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ સુરતના કામરેજ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સાથે સ્થાનિક કુંભાર પરિવારો દ્વારા હાથબનાવટથી તૈયાર કરવામાં આવેલા દીવડાઓની ખરીદી કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના મંત્રને જનજન સુધી પહોંચાડતાં સ્થાનિક કારીગરો પાસેથી સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદીને તેમની મહેનત અને કૌશલ્યને પ્રોત્સાહન આપવા નાગરિકોને અપીલ કરી હતી.

"સ્થાનિક કારીગરોના પરિશ્રમને પ્રોત્સાહન આપીએ, સ્વદેશી પરંપરાને જીવંત રાખીએ"

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ દરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલો 'વોકલ ફોર લોકલ'નો મંત્ર સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ અને પરંપરાગત વ્યવસાયો સાથે જોડાયેલા પરિવારોની આર્થિક સમૃદ્ધિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સ્થાનિક ઉત્પાદનોની ખરીદીથી હજારો પરિવારોની આવકમાં વધારો થાય છે અને તેમને આત્મનિર્ભર બનવાની નવી તકો પ્રાપ્ત થાય છે. આપણા દરકે વિસ્તારની પોતાની આગવી ઓળખ, પરંપરા અને ઉત્પાદન કરવાની વિશિષ્ટ કળા હોય છે. કુંભાર પરિવારો દ્વારા હાથેથી તૈયાર કરવામાં આવતા માટીના દીવડાઓ આ પણી પરંપરાગત હસ્તકલાનું સુંદર ઉદાહરણ છે. આવા સ્થાનિક ઉત્પાદનોની ખરીદી કરીને આપણે માત્ર કારીગરોને આર્થિક સહયોગ જ નથી આપતા, પરંતુ આપણી સાંસ્કૃતિક ઓળખને પણ જાળવી રાખીએ છીએ.

બાળકો સાથે સ્થાનિક ખરીદીનો આનંદ માણવાની અપીલ

આજના આધુનિક સમયમાં મોલ, મોટા સુપર સ્ટોર અને ઓનલાઈન ખરીદીના વધતા ચલણ વચ્ચે સ્થાનિક કારીગરો પાસેથી સીધી ખરીદી કરવાની પરંપરાને જીવંત રાખવી જરૂરી છે. મંત્રીશ્રીએ નાગરિકોને બહાર નાયબ મુખ્યમંત્રીશ્રીએ મીડિયા કર્મીઓ તથા સંગઠનના કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી નવા વર્ષની શુભેચ્છા આપી આકાશ-પ્રકાશ કર્યું હતું. આ પ્રસંગે સુડાના સીઈઓશ્રી રાજ સુથાર, એડિશનલ પોલીસ કમિશનર (ટ્રાફિક) શ્રી સફીનસિંહ પરમાર, સુરત રેન્જ આઈજીશ્રી પ્રેમવીરસિંહ, એડિશનલ પોલીસ કમિશનરશ્રી કરણરાજ વાઘેલા, શ્રી બલરામ મીણા, જિલ્લા વહીવટી તંત્ર, સુરત મહાનગરપાલિકા, પોલીસ વિભાગ, GSRTC અનેRTO વિભાગના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તથા સામાજિક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



અપીલ કરતાં જણાવ્યું હતું કે, દિવાળીના પાવન પર્વ ઓનલાઈન ખરીદી કેમ્પોના સ્ટોરમાંથી ખરીદી કરવાની સાથે સ્થાનિક કારીગરો પાસેથી પણ હાથબનાવટની ચીજવસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખીએ. ખાસ કરીને બાળકોને સાથે લઈ જઈને સ્થાનિક કારીગરો પાસેથી દીવડાઓ અને અન્ય પરંપરાગત વસ્તુઓ ખરીદીએ, જેથી બાળકોને આપણી સંસ્કૃતિ, હસ્તકલા અને કારીગરોની મહેનતનો પરિચય મળે તથા સ્વદેશી ખરીદીનો આનંદ અને પરંપરા આગામી પેઢી સુધી જીવંત રહે.

સ્થાનિક ખરીદીથી આત્મનિર્ભર ભારતને વેગ...

'વોકલ ફોર લોકલ' માત્ર એક અભિયાન નથી, પરંતુ સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે ગૌરવની ભાવના કેળવવાનો અને દેશના આર્થિક વિકાસમાં નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો સંકલ્પ છે. સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ, ગ્રામ્ય ઉદ્યોગો અને પરંપરાગત હસ્તકલા સાથે જોડાયેલા પરિવારોને પ્રોત્સાહન આપવાથી રોજગારીની નવી તકો ઊભી થાય છે. સ્વદેશી ઉત્પાદનોની ખરીદીથી સ્થાનિક અર્થતંત્ર મજબૂત બને છે અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ વેગ મળે છે. મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ આ દિવાળીએ દરેક નાગરિકને સ્થાનિક કારીગરોના ઉત્પાદનો ખરીદવા, તેમની મહેનતનું સન્માન આપવા અને આપણી પરંપરાગત કળા તથા સાંસ્કૃતિક ઓળખને જાળવી રાખવા સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

"ચાલો, સાથે મળીને સ્થાનિક કારીગરોની ખુશ હાલીમાં સહભાગી બનીએ અને આ પણા વિસ્તારની આગવી ઓળખને જીવંત રાખીએ." આ દિવાળીએ સંકલ્પ કરીએ — સ્થાનિક ખરીદી, કારીગરોની ખુશહાલી અને સ્વદેશી પરંપરાનું ગૌરવ છે દરેક ખરીદીમાં સ્થાનિકને પ્રાથમિકતા — એ જ આત્મનિર્ભર ભારત તરફનું આપણું યોગદાન.

બનાસકાંઠા જિલ્લા બાળ સુરક્ષા કચેરી દ્વારા 'પોક્સો એકટ' અંતર્ગત એક દિવસીય સપોર્ટપર્સન તાલીમ કાર્યક્રમ યોજાયો

બાળકોના અધિકારો અને સુરક્ષા માટે સપોર્ટ પર્સનની ભૂમિકા અગત્યનીઃબાળ સુરક્ષા ક્ષેત્રે કાર્યરત હિતધારકો વચ્ચે સંકલન સુદ્રઢ બને તે હેતુથી યોજાઈ તાલીમ

કમલમ્,પાલનપુર
બનાસકાંઠા જિલ્લા બાળ સુરક્ષા કચેરી દ્વારા બાળકોના હકોનું રક્ષણ કરવા અને સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુ સાથે 'પોક્સો એક્ટ' (POCSO Act) અંતર્ગત એક દિવસીય સપોર્ટ પર્સન્ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળ સુરક્ષા ક્ષેત્રે સંકળાયેલા તમામ હિતધારકો વચ્ચે સંકલન વધારવાનો અને કાયદાકીય પ્રક્રિયાઓને વધુ અસરકારક રીતે અમલમાં મુકવાનો હતો. તાલીમ દરમિયાન ઉપસ્થિત વિવિધ તજજ્ઞો અને અધિકારીઓ દ્વારા બાળકોના અધિકારો, બાળ સુરક્ષા સંબંધિત પ્રવર્તમાન કાયદાઓ તેમજ બાળકોના રક્ષણ માટેની વિવિધ કાયદાકીય જોગવાઈઓ અંગે વિસ્તૃત અને સચોટ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે જજશ્રી વિવેદીજી દ્વારા પોક્સો અધિનિયમ અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડતાં જણાવ્યું હતું કે, બાળકોને જાતીય શોષણથી સુરક્ષિત રાખવા, તેમના સર્વાંગી વિકાસ અને રક્ષણ કરવું અને કાયદા હેઠળ સપોર્ટ પર્સને પોતાની ભૂમિકા અત્યંત જવાબદારીપૂર્વક નિભાવવી એ સમયની માંગ છે. આ એક દિવસીય કાર્યક્રમ થકી સપોર્ટ પર્સનને બાળકોના હિતમાં પૂરી સંવેદનશીલતા અને સજ્જતા સાથે કામગીરી કરવા, કાયદાકીય પ્રક્રિયાઓની ઊંડી સમજ મેળવવા તેમજ વિવિધ વિભાગો સાથે અસરકારક સંકલન સાધવામાં ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સમગ્ર કાર્યક્રમ બાળ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને સાબિત થયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી, બાળ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, લીગલ કમ પ્રોબેશન ઓફિસર, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝના અધિક્ષકશ્રી તથા કાઉન્સેલરશ્રી, પોલીસ વિભાગના પ્રતિનિધિઓ, મમતા મંદિર સ્કૂલના આચાર્યશ્રી, સપોર્ટ પર્સન તેમજ ચાઈલ્ડ હેલ્પલાઈનની સમગ્ર ટીમ ઉપસ્થિત રહીહતી.



મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાના હસ્તે 'પીએમ સ્વનિધિ' ના લાભાર્થીઓને સહાય વિતરણ અને વિકાસ કાર્યોનું લોકાર્પણ

પીએમ સ્વનિધિ યોજના નાના શ્રમિકો અને ફેરી વિક્રેતાઓ માટે આત્મનિર્ભરતાનું વરદાનઃ મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા



કમલમ્,
શહેરી જનોના સર્વાંગી વિકાસ અને કલ્યાણ અર્થે રાજ્ય સરકારની કટિબદ્ધતા ના ભાગરૂપે અમદાવાદ શહેરમાં વિવિધ લોકાર્પણ તેમજ 'પીએમ સ્વનિધિ' યોજના અંતર્ગત સહાય વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની વિશેષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમો સંપન્ન થયા હતા. ધનતેરસના પાવન પર્વ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ 'સ્વનિધિ મહોત્સવ'માં મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે જે સામાન્ય જનતાને ખૂબ જ ઉપયોગી થઈ રહી છે. કોરોના સમયની કપરી પરિસ્થિતિમાં નાના ધંધાર્થીઓ અને રેકડીવાલા કોને મહદરૂપ થવા વડાપ્રધાને 'સ્વનિધિ યોજના' શરૂ કરી, જેના દ્વારા આજે રૂપિયા ૧૦,૦૦૦થી લઈને ૫૦,૦૦૦ સુધીની લોન અને સહાય સરળતાથી મળી રહી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ આ યોજના દ્વારા નાનામાં નાના શ્રમિકો અને ફેરી વિક્રેતાઓને આત્મનિર્ભર બનાવવામાં વરદાનરૂપ સાબિત થઈ રહી છે. રાજ્યના શહેરોમાં પાયાની સવલતો અને વિકાસના ક્રમો સમયસર પૂર્ણ કરવા સરકાર વચનબદ્ધ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે 'પીએમ સ્વનિધિ' યોજનાના લાભાર્થીઓને લોક-સહાયના ચેક તથા સહાયનું વિતરણ કરવામાં આવ્યું.મંત્રીશ્રીએઉપસ્થિતોના સહકારની સરાહના કરી લાભાર્થીઓને ધંધા-રોજગારમાં પ્રગતિ કરવા અને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. સાથે જ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મધ્ય ઝોનના શાહીબાગ વોર્ડમાં નવીનીકરણ કરાયેલ અદ્યતન ગીરધરનગર "પાટી ભ્લોટ" તથા સિવિલ હોસ્પિટલ સામે રીડેવલપ કરાયેલ અદ્યતન "અર્બન હેલ્થ સેન્ટર "નું લોકાર્પણ પણ મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અમદાવાદના મેયરશ્રી હિતેશભાઈ બારોટે જણાવ્યું હતું કે સ્વનિધિ યોજના અને EWS મકાનોદ્વારા છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડાઈ રહ્યો છે, જેના અંતર્ગત શહેરમાં અત્યાર સુધી ૭૫,૦૦૦થી વધુ મકાનો અને અનેક લોકોને લોનનો લાભ મળ્યો છે. તેમણે ઉપસ્થિત લાભાર્થીઓને અન્ય પાંચ લોકોને પણ આ યોજનાઓનો લાભ અપાવી સમૃદ્ધ બનાવવામાં સહયોગ આપવા અને સ્થાનિક ફેરીવાળાઓ પાસેથી વસ્તુઓ ખરીદી 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહિત કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028